**શુક્રવાર, તા.૧૬મી ફેબ્રુઆરી, ૨૦૨૪(પહેલી બેઠક)**ના રોજ હાથ ધરાનાર
**અનુદાન માટેની માંગણીઓ** પર ચર્ચા અને મતદાન
(ચોથો દિવસ) પરની ચર્ચામાં

---

## માન. સભ્યશ્રી પરસોત્તમભાઈ પરમાર (૬૦–દસાડા)

### માંગણી નં.૫૭
### શ્રમ અને રોજગાર

- **માનનીય અધ્યક્ષ શ્રી**,

લોકશાહીના મંદિર એવા આ સન્માનનીય ગૃહમાં રાજ્યના મૃદુ અને મક્કમ મુખ્યમંત્રીશ્રી માનનીય ભુપેન્દ્રભાઈ પટેલ સાહેબના માર્ગદર્શનમાં સરળ અને સૌમ્ય સ્વભાવના માનનીય નાણામંત્રીશ્રી કનુભાઈ દેસાઈ સાહેબે **વિકાસના પાંચ સ્તંભ**– સામાજિક સુરક્ષા, માનવ સંસાધન વિકાસ, આંતર માળખાકીય સુવિધાઓ, આર્થિક પ્રવૃતિઓના વિકાસ અને **ગ્રીન ગ્રોથ** આધારિત **વિકસિત ભારત@2047** ના લક્ષ્યમાં ભાગીદારી નોંધાવતું અને **વિકસિત ગુજરાત@2047** નું નિર્માણ કરવા માટેનો રોડ મેપ નક્કી કરતું **રૂપિયા 3 લાખ 32 હજાર 465 કરોડનું** અંદાજપત્ર રજૂ કર્યું છે, ત્યારે ઉદ્યોગ, શ્રમ, કૌશલ વિકાસ અને રોજગાર વિભાગના

માનનીય મંત્રી શ્રી બળવંતસિંહ રાજપૂત સાહેબ **માંગણી ક્રમાંક-૫૭** શ્રમ અને રોજગાર વિભાગની માંગણી લઈને આવ્યા છે તેના સમર્થનમાં મારા વિચારો રજૂ કરવાની તક **માનનીય અધ્યક્ષશ્રી** આ સન્માનનીય ગૃહમાં મળી છે, ત્યારે આભાર વ્યક્ત કરું છું.

- **માનનીય અધ્યક્ષ શ્રી,**
  ગુજરાતના પનોતા પુત્ર, વિશ્વના લોકપ્રિય નેતા અને ભારતના યશસ્વી પ્રધાનમંત્રી માનનીય શ્રી નરેન્દ્ર ભાઈ મોદી સાહેબના **સ્કીલ ઈન્ડિયાના વિઝન**ને ચરિતાર્થ કરવા ગુજરાત સરકાર કટિબદ્ધ છે. ગુજરાતનું યુવાધન **સ્ટેટ ઓફ ધ આર્ટ ફેસિલિટી**માં તાલીમબદ્ધ થઈ **વિશ્વ કક્ષાનું કૌશલ્ય અને તાલીમ** મેળવી વૈશ્વિક રોજગારીની ઉભરતી તકો માટે **સુસજ્જ** થાય તે દિશામાં ચિંતિત એવા ગુજરાતના મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી શ્રી માનનીય ભુપેન્દ્રભાઈ પટેલ સાહેબના માર્ગદર્શનમાં માનનીય મંત્રી શ્રી બળવંતસિંહ રાજપુત સાહેબની આગેવાનીમાં **શ્રમ, કૌશલ વિકાસ અને રોજગાર વિભાગ** સતત પ્રયત્નશીલ છે. આ વિભાગ માટે **વર્ષ 2024–25** ના બજેટમાં **રૂ.2659 કરોડની** જોગવાઈ કરી રાજ્યના યુવા ધનની રોજગારી માટેની તકો વધારવાનું કામ કર્યું છે.

- **માનનીય અધ્યક્ષ શ્રી**

  ભારત સરકારના **"પિરિઓડિક લેબર ફોર્સ સર્વે(PLFS)"** રિપોર્ટ અનુસાર, જુલાઈ થી સપ્ટેમ્બર-2023ના સમયગાળા માટે અમારી ભા.જ.પા.ની સરકારના નેતૃત્વમાં ગુજરાત સમગ્ર દેશમાં **રોજગારી આપવામાં પ્રથમ નંબરે** છે.

- **માનનીય અધ્યક્ષ શ્રી**

  અમારી ભા.જ.પા.ની સરકારમાં રોજગારી ઈચ્છતા યુવાનો નિરંતર બદલાતી ટેક્નોલોજીને અનુરૂપ **ઈન્ડસ્ટ્રી 4.0 (ફોર પોઈન્ટ ઓ)**ને લક્ષ્યમાં રાખીને ઉદ્યોગ ગૃહોની માંગ અનુસાર કૌશલ્ય પ્રાપ્ત કરે તે હેતુથી **વર્ષ 2021** થી **કૌશલ્ય– ધ સ્કિલ યુનિવર્સીટી** ની સ્થાપના કરવામાં આવેલ છે.

  જેમાં,**(૧) સ્કૂલ ઓફ ડ્રોન,**
  **(૨) સ્કૂલ ઓફ સાયન્સ, મેન્યુફેકચરિંગ એન્ડ ઈન્ફ્રાસ્ટ્રકચર,**
  **(૩) સ્કૂલ ઓફ સર્વિસીસ,**
  **(૪) સ્કૂલ ઓફ લિબરલ આર્ટ્સ,**
  **(૫) સ્કૂલ ઓફ મેનેજમેન્ટ એન્ડ ફાઈનાન્સ,**
  **(૬) સ્કૂલ ઓફ કમ્પ્યુટીંગ**

  જેવી વિદ્યાશાખાઓ કાર્યરત છે.

- **માનનીય અધ્યક્ષશ્રી**

આ વિદ્યાશાખાઓમાં **પીએચ.ડી.** પ્રોગ્રામ, **પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા** પ્રોગ્રામ, **અનુસ્નાતક**(માસ્ટર) અને **સ્નાતક** (યુ.જી.) કક્ષાના પ્રોગ્રામ વગેરે અભ્યાસક્રમો શરૂ કરવામાં આવેલ છે. તેમજ હાલની વૈશ્વિક માંગ મુજબ ગ્રીન એનર્જી, સેમી કન્ડક્ટર, **5G** વગેરે ક્ષેત્રોમાં વિકાસની સંભાવનાઓને ધ્યાને લઈ તેને સબંધિત અભ્યાસક્રમો અને તાલીમ આપવાની વ્યવસ્થા કરવામાં આવી છે.

શૈક્ષણિક વર્ષ **2023–24** માટે **50** અભ્યાસક્રમોમાં
**કુલ 12 હજાર 729 વિદ્યાર્થીઓ**એ પ્રવેશ મેળવેલ છે.

- **માનનીય અધ્યક્ષ શ્રી**

**કૌશલ્ય– ધ સ્કિલ યુનિવર્સીટી** માં સ્નાતક થયા પછી **એક વર્ષ**ની **એપ્રેન્ટિસશીપ**ની તાલીમ તેમજ તાલીમ દરમિયાન **સ્ટાઈપેન્ડ**ની પણ જોગવાઈ કરેલ છે. તાલીમ મેળવેલ યુવાનને તેના કૌશલ્ય અનુરૂપ ઉદ્યોગગૃહોમાં નોકરી મળી રહેશે, તે પણ ખાત્રી છે.

- **માનનીય અધ્યક્ષશ્રી**

અમારી ભા.જ.પા. ની સરકારે બાંધકામ શ્રમિકોના આરોગ્યની ચિંતા કરી **૧૫૪ ધન્વંતરી આરોગ્યરથ** શરૂ કર્યા. આ બજેટમાં **૫૦ નવા બીજા** ધન્વંતરી રથ શરૂ કરવાનું આયોજન કર્યું છે. જેના માધ્યમથી શ્રમિકોને કામના સ્થળે જ **પ્રાથમિક સારવાર** મળતી થઈ છે. તેમજ બાંધકામ શ્રમિકોને કામના સ્થળની નજીક રહેઠાણની વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવા આ બજેટમાં **૩.૨૦૦ કરોડ**ની જોગવાઈ કરી **"શ્રમિક બસેરા"** સ્થાપવાનું સરકારે નક્કી કર્યું છે. જે બાંધકામ શ્રમિકો માટે આશીર્વાદરૂપ યોજના છે. તેના માટે પણ માનનીય મુખ્યમંત્રીશ્રી, નાણામંત્રીશ્રી અને શ્રમ અને રોજગાર મંત્રીશ્રી બળવંતસિંહ રાજપૂત સાહેબને અભિનંદન આપી **બાંધકામ શ્રમિકો વતી** સન્માનનીય ગૃહમાં આભાર માનું છું.

- **માનનીય અધ્યક્ષ શ્રી**

દેશના યશસ્વી પ્રધાનમંત્રીશ્રી માનનીય નરેન્દ્રભાઈ મોદી સાહેબ ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે તેમની **સમાવેશી નીતિઓને** કારણે મારા મતવિસ્તારને અડીને બહુચરાજીમાં **મારુતિ–ઓટોમોબાઈલ ઉદ્યોગ** શરૂ થયો. જેના કારણે મારા મતવિસ્તારના નાવિયાણી–વાલેવડા–વણોદ–એછવાડા ગામોમાં ઓટોમોબાઈલ ઉદ્યોગને

સંલગ્ન **સ્પેરપાર્ટસને લગતા વેન્ડરના** ઉદ્યોગો સ્થપાયા. જેના કારણે મારા વિસ્તારના ગામડાના યુવાનોને ઘર આંગણે વિપુલ પ્રમાણમાં રોજગારી મળતી થઈ. અમારો આ વિસ્તાર રણકાંઠાનો વિસ્તાર હોઈ ખેતીની જમીન પણ ઓછી ઉપજાઉ છે. આથી ભૂતકાળમાં રોજગારી મેળવવા અમારા ગામડાના લોકો સ્થળાંતર કરી શહેરો તરફ દોટ માંડતા. ઉદ્યોગો આવવાના કારણે **ઘર આંગણે** રોજગારી મળતી થઈ. **નિયમિત રોજગારી** મળવાના કારણે આજે ગામડામાં રહેતા શ્રમિકો પણ **સ્વમાનભેર** જીવી શકે તેવી આવક પ્રાપ્ત થતા સુખી સંપન્ન થયા. રોડ–રસ્તાઓ અને અન્ય માળખાકીય સુવિધાઓમાં વધારો થયો. મારા વિસ્તારના લાભાન્વિત ગામો તથા શ્રમિકો વતી આ સન્માનનીય સભાગૃહમાં માનનીય પ્રધાનમંત્રીશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી, નાણામંત્રીશ્રી અને ઉદ્યોગો અને શ્રમ–રોજગાર મંત્રીશ્રીનો ખુબ ખુબ આભાર વ્યક્ત કરું છું.

- **માનનીય અધ્યક્ષ શ્રી**

મહાત્મા ગાંધીજી એ એક સૂત્ર આપેલ છે કે જ્યારે તમને કોઈ નિર્ણય લેવામાં દુવિધા લાગે ત્યારે તમે જોયેલા છેવાડાના માનવીને શું અસર થશે તે ધ્યાનમાં રાખીને નિર્ણય લેવો. અમારી ભા.જ.પા.ની સરકાર **છેવાડાના માનવીની સંવેદનાનો** વિચાર કરીને સાથે સાથે

**છેવાડાના વિસ્તાર** અને **છેવાડાના પ્રશ્નોને** પણ ગંભીરતાપૂર્વક વિચારણામાં લઈ તેના ઉપાયો કરી "**સૌનો સાથ, સૌનો વિકાસ સૌનો વિશ્વાસ"**ના સૂત્રને સાકાર કરવા સતત પ્રયત્નશીલ છે.

- **માનનીય અદયક્ષશ્રી**

માન.મંત્રીશ્રી(શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર) દ્વારા શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ માટે બજેટ જોગવાઈ માટે જે માંગણીઓ રજૂ કરેલ છે, તેને હું આવકારું છું. તથા આનંદની લાગણી વ્યક્ત કરી આ બજેટને મારું સમર્થન આપુ છું.

**...જય શ્રી રામ...વંદે માતરમ્...ભારતમાતા કી જય...**